## પી.એસ.આઈ. મોતના મુખમાંથી હેમખેમ બહાર આવે તે માટે મંદિર અને મસ્જિદમાં બાધાઓ રખાઈ


(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

શામળાજી પીએસઆઈ પર આજે વહેલી સવારે બુટલેગર ધ્વારા જે કારની ટકકર મારી અને જીવલેણ હુમલો કરાયા બાદ હાલ પીએસઆઈ એ. કે. વાળાને મગજના ભાગે બે હેમરેજ થતાં જીવન અને મરણ વચ્ચે અમદાવાદની અપોલો હોસ્પીટલમાં ઝોલા ખાઈ રહયા છે અને જીંદગી અને મોત સામે ઝઝુમી રહયા છે. ત્યારે તેમના સબસલામતીની અને હેમખેમ મોતના મુખમાંથી જલ્દીથી બહાર આવી જાય તે માટે અરવલ્લી જીલ્લાના પ્રજાજનો ધ્વારા મંદિરોમાં અને મસ્જિદોમાં બાધાઓ રાખવામાં આવી હતી.

### દારૂ ભરેલી ગાડીના ડ્રાઈવરે અડફેટે લેતા

# જિંદગી અને મોત સામે ઝઝુમતા શામળાજી પી.એસ.આઈ. અર્જુનસિંહ વાળા

## અમદાવાદની અપોલો હોસ્પિટલમાં હાલ સારવાર હેઠળ

(જીતેન્દ્ર પટેલ) મોડાસા, તા.૨૨

ગેરકાયેદેસર ચીજોની હેરાફેરી કરતાં શખ્સો તેમજ બેફામ બનેલા બુટલેગરોમાં જાણે કાયદાનો કોઈ ડર જ ના હોય અને તેમના રસ્તામાં આડખીલી બનાવા પ્રયાસ કરતુ પોલીસ તંત્ર તેમના માટે સાવ સામાન્ય હોય તેવુ સાબિત કરતી ઘટના આજે અરવલ્લી જીલ્લાના શામળાજી પીએસઆઈ સાથે બની છે. જેમાં દારૂ ભરીને આવતી કારમાં સવાર બુટલેગરોએ પીએસઆઈ વાળાને કારની ટકકર મારીને જાનથી મારી નાખવાનો પ્રયાસ કરતા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે.

જયારથી જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડાએ શામળાજી ખાતે જાબાજ પોલીસ અધીકારી એ. કે. વાળાની શામળાજી પીએસઆઈ તરીકે નીમણુક કરી છે ત્યારથી શામળાજી પંથકમાં અને બોર્ડર પરથી ગુજરાત રાજયમાં દારૂ ઘુસાડતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે. જયારે શામળાજી પીએસઆઈ ધ્વારા છેલ્લા થોડાક જ સમયમાં રાજસ્થાનમાંથી ગુજરાતમાં ઘુસાડાતો કરોડો રૂપીયાનો પરપ્રાંતીય દારૂ અને મુદ્દામાલ ઝડપી પાડયો છે.

અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસ આજે બાતમીના આધારે વહેલી સવારે દારૂ ભરેલી કાર રાજસ્થાન તરફથી ગુજરાતમાં પ્રવેશવાની બાતમી મળતા શામળાજી આરટીઓ ચેકપોસ્ટ નજીક વાહન ચેકીંગ કરી રહયા હતા ત્યારે એક કાર પુરપાટ ઝડપે પસાર થઈ જતા શામળાજી સ્ટેશન વિસ્તારમાં આવેલી મંગલમુર્તી હોટલ આગળ આ કારને રોકવાનો પ્રયાસ કરતાં પીએસઆઈ અર્જુનસિંહ વાળાને જોરદાર ટકકર મારી ભાગી છુટવાનો પ્રયાસ કરી રહેલા બે શખ્સોને કાર એલસીબી પોલીસને ચકમો આપી સહિત ઝડપી લેવામાં આવ્યા હતા.



ત્યારબાદ તેમની તલાશી લેતા કારમાંથી અંગ્રેજી દારૂ જથ્થો મળી આવ્યો હતો. જયારે આ કારની ટકકરથી શામળાજી પીએસઆઈ એ. કે. વાળાને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા તેમને સૌપ્રથમ હિંમતનગર સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ હાલત વધુ ગંભીર બનતા અમદાવાદની અપોલો હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં ફરજ પરના ડોકટરોએ તપાસ કરતાં તેમને મગજના ભાગે બે હેમરેજ હોવાનુ જણાવ્યુ હતુ. ત્યારબાદ ડોકટરો ધ્વારા ત્રણ કલાક સુધી ઓપરેશન કર્યા પછી હાલ પીએસઆઈ એ. કે. વાળા પોતાની એક આગવી છાપ જાબાઝ પોલીસ અધિકારીની જેમ જીંદગી અને મોત સામે મકકમતાથી લડી રહયા છે. ત્યારે એસઓજી પીએસઆઈ કે. વી. સગરે પીએસઆઈને ટકકર મારી મારી નાખવાની કોશીશ કરનાર રાજસ્થાનના બુટલેગરો માનસીગ નારસીગ રાઠોડ અને ચંદનસિંહ ખુમાનસીંગ રાઠોડને ઝડપી પાડી હાલ પોલીસ ધ્વારા કલમ ૩૦૭નો ગુનો નોધી એક લાખ રૂપીયાનો દારૂ અને કારને ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે. જયારે સમગ્ર જીલ્લામાં પીએસઆઈ એ. કે. વાળા પર આ રીતે જીવલેણ હુમલો થયો છે અને તેમની હાલત ગંભીર થતાં અપોલો હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે તેવી વાત વાયુ વેગે પ્રસરતા જીલ્લામાંથી તેમના મિત્ર વર્તુળ અને પોલીસના અધિકારીઓ અમદાવાદ ખાતે દોડી ગયા હતા.

જયારે મીત્રો અને પ્રજાજનો ધ્વારા જીંદગી અને મોત સામે ઝઝુમી રહેલા વાળાની તંદુરસ્તી માટે અરવલ્લી જીલ્લામાં બાયડ, માલપુર અને ધનસુરા ખાતે મંદીરોમાં હવન કરવામાં આવ્યા હતા તેમજ મસ્જીદોમાં અલલાહને દુઆ કરવામાં આવી હતી.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

### પોલીસને માત્ર પોલીસે જ આશ્વાસન આપ્યુ એક પણ રાજકીય નેતા ફરકયા નહી

શામળાજી ખાતે ના જાબાઝ પીએઆઈ કે જેમના નામથી બુટલેગરોની નાકમાં દમ આવી ગયો હતો અને આજે વહેલી સવારે તેમના ઉપર બુટલેગરે કારની ટકકર મારી જાનથી મારી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે જેને લઈને પીએસઆઈને માથાના ભાગે ઈજાઓ પહોચતા હાલ અમદાવાદની અપોલો હોસ્પીટલમાં જીવન અને મરણ વચ્ચે જોલા ખાઈ રહેલા આવા જાબાઝ પીએસઆઈના ખબર લેવા માટે રેન્જ આઈ. જી. હસમુખ પટેલ અને અરવલ્લી જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા તેમજ જીલ્લાના પોલીસ અધીકારીઓ દોડી આવ્યા હતા. ત્યારે જીલ્લામાંથી કે ગાંધીનગર આ રીતે ગાંધીના ગુજરાતમાં દારૂબંધી રોકવા માટે પોતાના પ્રાણની પણ પરવા કર્યા વગર ફરજ બજાવતો હોય ત્યારે તેમની ખબર લેવા શુધ્ધા એક પણ રાજકીય નેતા ન ફરકે ખરેખર તે શરમનજક બાબત છે ત્યારે કહી શકાય કે પોલીસને માત્ર પોલીસે જ આશ્વાસન આપ્યુ.

### પોલીસ માટે લાલબત્તી સમાન ઘટના

આજે બુટલેગર ધ્વારા શામળાજી પીએસઆઈ એ. કે. વાળા ઉપર બુટલેગરે પોતાની કાર ધ્વારા જીવલેણ હુમલો કર્યા પછી સપથ લેવી જોઈએ અને બોધપાઠ લેવો જોઈએ કે આજ પછી જીલ્લામાં કોઈપણ ગેરકાયદેસર પ્રવૃતી ચલાવી નહી લેવામાં આવે. જળમુળમાંથી બુટલેગરોને શોધી શોધીને જેલના સળીયા પાછળ ધકેલી દેવા જોઈએ તેવી લોક માંગ ઉઠવા પામી છે.

## પ્રાંતિજ સ્થિત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ શોભાના ગાંઠીયા સમાન

### છેલ્લા ૧૫ વર્ષથી કાર્યરત છતાં એક પણ અનાજની દુકાન ખુલ્લી નથી : ખેડૂતોને અનાજ લઈ તલોદ, હિંમતનગર, મહેસાણા, વિજાપુર વગેરે જગ્યાએ લાંબા થવું પડે છે

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કમાલપુર પાસે આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજારમાં કપાસ, રાઈ, ડાંગર, ઘઉં જેવા અનાજના શોભાના ગાંઠીયા સમાન છે.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં આવેલ અનાજની ૪૫ દુકાનો છે જેમાંથી માત્ર ચાર દુકાનો વાઈસ ચેરમેન આવીને બદલાઈ ગયા પણ ખેડૂતો પાસે અનાજ લેવાની કે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં અનાજને લગતી એક પણ નવા રૂપિયાની આવક પણ નથી જ્યારે


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

રોકડીયા વેપારીઓ ન હોવાથી અનાજને લઈને માર્કેટયાર્ડમાં એક પણ રૂપિયાની આવક આવતી નથી અને ખેડૂતોને અનાજનો વેપાર કરવા અન્ય તાલુકા જિલ્લાઓમાં લાંબા થવું પડે છે.

જેથી છેલ્લા ૧૫ વર્ષથી પ્રાંતિજ ખાતે કાર્યરત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ હોવા છતાં અનાજના વેપારીઓ ધંધો ના કરતાં હોવાથી ચાલુ હોવાથી આજુબાજુના ખેડૂતો અનાજ લઈને આવે ત્યારે તેમણે જોઈએ એ પ્રમાણે વેપારીઓ ન હોવાથી અને ભાવ ન મળતો હોવાથી તલોદ, હિંમતનગર, વિજાપુર, મહેસાણા ખાતે તાલુકા ફેર કે જિલ્લા ફેર લાંબુ થવું પડે છે. જ્યારે છેલ્લા ૧૫ વર્ષ ઉપરાંતથી પ્રાંતિજ ખાતે કાર્યરત હોવા છતાં એકપણ અનાજની દુકાન ખુલ્લી નથી જ્યારે ઘણા ચેરમેન, શાકભાજીવાળા તથા અન્ય ખેડૂતો માટે માલ લઈને આવતા ગ્રાહકો માટે રોડની પણ વ્યવસ્થા નથી. ચેરમેન, સેક્રેટરીને વિકાસમાં કોઈ રસ ના હોય તેવું હાલ તો દેખાઈ આવે છે. ત્યારે અન્ય રીતે પણ વિકાસ ના થતો હોવાથી બહારના વેપારીઓ કોઈ પણ આવવા તૈયાર નથી. ત્યારે આ પંથકના ખેડૂતો માર્કેટયાર્ડ ધમધમે તેવું ઈચ્છી રહ્યાં છે.

## પાલનપુરમાં રૂ. ૧૭ લાખની મોંઘીદાટ બાઈક પર દારૂની બોટલ સાથે નબીરો ઝડપાયો

### અમદાવાદનો નબીરો બાઈક પર આબુથી દારૂની બોટલ લઈ આવી રહ્યો હતો : પોલીસે ૧૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

પાલનપુર, તા. ૨૨

પાલનપુર પોલીસના હાથે વાહન ચેકીંગ દરમિયાન અમદાવાદનો નબીરો રૂ. ૧૭ લાખની કિંમતની મોઘીંદાટ બાઈક પર દારૂની બોટલ સાથે ઝડપાયો હતો. પોલીસ બાઈક સહિતનો મુદ્દામાલ કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર-આબુ હાઈવે પર મોડીરાત્રે પાલનપુર પોલીસ વાહન ચેકીંગ કરતી હતી. દરમિયાન પુરપાટ ઝડપે આબુ તરફથી દોડી આવતા બાઈક ચાલકને અટકાવી તેની તપાસી લીધી હતી. જેમાં પોલીસને બાઈક સવાર પાસેથી ૩ નંગ વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. પોલીસ ટીમે તપાસ કરતા અમદાવાદનો નબીરો બિરેન ચીમન પટેલ નારણપુરાના નવિનપાર્ક સોસાયટી ખાતે રહે છે અને અંદાજે કિં. રૂ. ૧૭ લાખની કિંમતનું હાર્લી ડેવીડસન કંપનીનું બાઈક હોવાની હકિકત બહાર આવી હતી પોલીસે આ સંદર્ભે અમદાવાદના નબીરા સામે ગુનો નોંધી અંદાજે રૂ. ૧૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## પવિત્ર યાત્રાધામ અંબાજીના વિકાસ માટે સરકાર કટીબદ્ધ : રાજુ ધ્રુવ

### યાત્રિકોની સગવડતા માટે વિશેષ પ્લાન બનાવાશે

પાલનપુર, તા. ૨૨

ગુજરાતના પવિત્ર યાત્રાધામ શક્તિપીઠ અંબાજીમાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના વા. ચેરમેન રાજુ ધ્રુવ અને સભ્ય ગણપતભાઈ જોષી દર્શનાર્થે આવ્યા હતા. બન્ને પદાધિકારીઓએ સ્થાનિક વહીવટીતંત્ર સાથે યાત્રિકોની સગવડતા માટે જરૂરી વિચાર-વિમર્શ કર્યા હતા.

શક્તિપીઠ અંબાજીમાં મુલાકાત બાદ પાલનપુરમાં મિડીયા સાથે અંબાજીમાં કાર્યરત વિકાસકાર્યો અને ભવિષ્યના આયોજન અંગેની માહિતી આપી હતી.

પત્રકારો અંબાજી મંદિર અંગે માહિતી આપતા ગણપતભાઈ જોષીએ જણાવ્યું હતું કે 'અંબાજી મંદિરમાં આવતા યાત્રિકો માટે ગાઈડ અને મીતીવાસ સેવા શરૂ કરવા માટે રજૂ થયેલ વિચાર તેમજ ભાદરવી પૂનમ દરમિયાન મિડીયાના મિત્રોને પડતી હાલાકી માટે સ્થાનિક વહીવટીતંત્રને સુચના આપવામાં આવશે. વાઈસ ચેરમેન રાજુ ધ્રુવે નિર્માણાધિન વિકાસ કાર્યોને ઝડપી પૂર્ણ કરવામાં આવશે તે માટે સરકાર કટીબદ્ધ છે તેવું જણાવ્યું હતું.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)




મેઘરજ જૈન તેરાપંથ યુવક પરિષદ દ્વારા જિલ્લા પંચાયત આર્યુવેદિક દવાખાના લીંબોદરા તથા ઈપલોડાના સહયોગથી મેઘરજ જુના બસસ્ટેન્ડ વિસ્તારમાં ડૉ. ડી.એન. અસારી અને ડૉ. એસ.એમ. બિહોલાના માર્ગદર્શન હેઠળ સ્વાઈન ફ્લુ પ્રતિરોધક ઉકાળા વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦૦ લીટર જેટલા ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો લાભ મેઘરજ નગરના અને આસપાસના ગામડાના લોકોએ લીધો હતો. જેમાં પૂર્વ સરપંચ અહેમદભાઈ ચડા, ભીખાજી દૂધાજી ડામોર, સંપતલાલ જૈન, બાબુલાલ જૈન, ચંદનલાલ જૈન જેવા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હિંમતનગર રેલવે પીઆઈ સહીત ત્રણ કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે આવેલ રેલવે સ્ટેશનમાં રેલવે પોલીસ ફોર્સના પીઆઈ અને બે હેડ કોન્સ્ટેબલની બદલી થતા તેમનો રવિવારે વિદાય સમારંભ યોજાયો હતો.

આ અંગેની વિગત એવી છે કે રેલવે પોલીસ સ્ટેશનના પીઆઈ આર.કે. ભટનાગરની બદલી મધ્યપ્રદેશના રતલામ અને હેડ કોન્સ્ટેબલ વલ્લભાઈ સોલંકીની અને પ્રતાપભાઈ ચૌધરીની બદલી બરોડા થઈ જેમનો રવિવારે રેલવે પોલીસ સ્ટેશને ત્રણેય બદલી થતા અધિકારી અને કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ વિદાય લેતા પીઆઈ અને હેડ કોન્સ્ટેબલ બંનેને ફૂલોની માળા પહેરાવી હતી અને શ્રીફળ આપી શુભ આશિષ આપ્યા હતા. અને પીઆઈ આર.કે. ભટનાગરે પોતાનું સંબોધન કર્યું હતું ત્યારે તમામ કર્મચારીઓના આંખમાંથી પ્રેમના આંસુ નીકળ્યા હતા અને એક કર્મચારી અને અધિકારી સાથેનો સંબંધ કેવો હતો તે જણાઈ આવ્યું હતું.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

સુપ્રસિદ્ધ યાત્રાધામ ખેડબ્રહ્મા ખાતે ચૈત્રી નવરાત્રીના શુભારંભે અંબિકા માતાજી મંદિરમાં શનિવાર સવારે ૯.૦૦ કલાકે ઘટ સ્થાપન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહારાજા જયદિપસિંહ રાઠોડ દ્વારા ચાંદીના શ્રી યંત્ર પર સવા મણ દૂધનો અભિષેક કરવામાં આવ્યો હતો. ઘટ સ્થાપન શાસ્ત્રી દશરથભાઈએ કરાવ્યું હતું. આ પ્રસંગે મંદિર મેનેજર ઘનશ્યામસિંહ રહેવર, પ્રવિણસિંહ સોલંકી સહીત ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.